ૐ

સદ્‌ગુરવે નમઃ।

પૂજ્ય બહેનશ્રીની

# અમૃતવાણી

(તત્ત્વચર્ચાની ચાર ડીવીડીની ટ્રેક પુસ્તિકા)

–: પ્રકાશક :–

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**

સોનગઢ (સૌરાષ્ટ્ર)–૩૬૪૨૫૦

# પ્રકાશકીય નિવેદન

આ ભરતક્ષેત્રમાં વર્તમાનમાં આપણા પરમોપકારી શ્રી કહાનગુરુદેવે નિજાત્મસાધના કરી તીર્થંકર ભગવાન મહાવીર તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવનો માર્ગ પ્રવર્તાવ્યો છે. તેઓશ્રીએ ૪૫-૪૫ વર્ષો સુધી નિજાત્મકલ્યાણકારી પ્રવચનો દ્વારા તીર્થંકર ભગવંતોની દિવ્યદેશના આપણને પીરસી છે. તેમના સદુપદેશથી પૂજ્ય બહેનશ્રી ચંપાબેને નિજાત્માનુભૂતિ પ્રાપ્ત કરી તેમની દેશનાને સાર્થક કરી છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ વિવિધ પ્રકારે યુક્તિ અને ન્યાયપૂર્વક સર્વાંગ સ્પષ્ટીકરણો કર્યાં હોવા છતાં તેઓશ્રીની અનુપસ્થિતિમાં જિજ્ઞાસુઓએ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને ભક્તિભાવથી અત્યાગ્રહ કરતાં, પોતાની અંતર્મુખી પ્રકૃતિને અનુકૂળ ન હોવા છતાં, તેઓશ્રીએ મુમુક્ષુઓને મુંઝવતા પ્રશ્નોના ઉત્તરો આપતી ધર્મચર્ચા કરવાની સંમતિ આપી હતી.

પૂજ્ય બહેનશ્રીએ મુમુક્ષુઓને મૂંઝવતા તથા પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીના હાર્દને ખોલતા પ્રશ્નોના જે ઉત્તરો આપેલ તેનું જે તે સમયે વિડિયો તથા ઓડિયો રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું. આ પ્રકારની આશરે ૨૩ કલાકની વિડિયો તથા આશરે ૫૦૦ કલાકની ઓડિયો તત્ત્વચર્ચા આપણા મહાભાગ્યે વર્તમાનમાં ઉપલબ્ધ છે. તેની નકલો બનાવીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા મુમુક્ષુઓને પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને દરરોજ સવારમાં નિયમિત આ ઓડિયો ચર્ચાઓ સંભળાવવાની પણ વ્યવસ્થા ટ્રસ્ટે કરેલ છે.



આ વિડિયો તત્ત્વચર્ચાઓને ચાર ડીવીડીમાં રૂપાંતરિત કરી એક નવીન સંસ્કરણ, પિતાશ્રી મનસુખલાલ રાજપાળ ટોલિયા પરિવાર હસ્તે નૌતમભાઈ ટોલિયાના સૌજન્યથી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પ્રસ્તુત કરવામાં આવે છે. આ ડીવીડીની વિશેષતા એ છે કે મુમુક્ષુઓએ પૂછેલા વિવિધ પ્રશ્નોના અલગ-અલગ ટ્રેક બનાવવામાં આવ્યા છે તથા તે ટ્રેકની વિગત આપતી આ નાની પુસ્તિકા પણ બનાવવામાં આવી છે. આથી મુમુક્ષુઓને પોતાને મુંઝવતા પ્રશ્નનો ઉત્તર સહેલાઈથી મળી શકશે. આ માટે મુમુક્ષુઓએ જે તે ડીવીડીના ટ્રેક નંબર ઉપર ક્લીક કરવાનું રહેશે. આ પુસ્તિકામાં મુમુક્ષુઓએ પૂછેલા પ્રશ્નો સારાંશરૂપે જ લખાણ કરવામાં આવેલ છે. તેની નોંધ લેવા વિનંતી છે.

આશા છે કે મુમુક્ષુઓ આ ડીવીડી દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની કલ્યાણકારી વાણીના હાર્દને પૂજ્ય બહેનશ્રીએ આપેલા ઉત્તરો દ્વારા સમજીને લાભાન્વિત થશે એ જ ભાવના.

પૂજ્ય ગુરુદેવશ્રીની
૧૨૨મી જન્મજયંતી
તા. ૩-૫-૨૦૧૧

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિગંબર જૈન સ્વા.મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ-(સૌરાષ્ટ્ર)**

❁

# પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી

## ( વિડિયો તત્ત્વચર્ચા )

**DVD No-1**

| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૧ | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક | ૨:૫૪ |
| ૨ | ટાઈટલ | ૫:૨૩ |
| ૩ | પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૫મી જન્મજયંતી પ્રસંગે પ્રસાદી આપવા કૃપા કરશો. | ૧૩:૧૨ |
| ૪ | પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વાનુભૂતિનું ખૂબ જ માહાત્મ્ય બતાવ્યું છે તો તે સ્વાનુભૂતિ કેમ થાય? | ૩:૧૧ |
| ૫ | આવું સમજાય છતાં કામ ન થાય તેમાં તત્ત્વ-રુચિની ખામી કે વૈરાગ્યની ખામી? | ૦:૩૯ |
| ૬ | આત્મામાં જ સંતોષ થાય તેવી પ્રતીતિ જીવને કેવી રીતે થાય? | ૨:૨૪ |
| ૭ | જેમ ઉપાદાન માટે નિમિત્ત અકિંચિત્કર છે તેમ સામાન્ય પણ વિશેષ માટે અકિંચિત્કર છે? | ૪:૫૨ |
| ૮ | 'હું જ્ઞાયક છું', 'હું જ્ઞાયક છું'...એમ નક્કી કરીએ છીએ, જ્ઞાયકમાં પ્રયોગ કરવા જઈએ છીએ પણ જ્ઞાયક લૂખો થઈ જાય છે—રસબસતો નથી લાગતો તો તે માટે કેવો પુરુષાર્થ કરવો? | ૩:૨૬ |
| ૯ | આગમ વ્યવહાર અને અધ્યાત્મ વ્યવહારમાં શું તફાવત છે? | ૧:૫૭ |
| ૧૦ | દ્રવ્ય સામાન્યને પ્રસિદ્ધ કરનાર દ્રવ્ય વિશેષ છે, છતાં દ્રવ્ય વિશેષની મહિમા કેમ કરવામાં નથી આવતી? | ૪:૨૯ |
| ૧૧ | સામાન્ય તરફ લઈ જવા માટે આટલો તો વ્યવહાર રાખીએ? | ૧:૫૫ |
| ૧૨ | સમયસાર કળશ ૧૩૬માં આવે છે કે ''સમ્યગ્દષ્ટિને જ્ઞાન અને વૈરાગ્ય શક્તિની સંધિ નિયમથી હોય છે'' તો તે વિષે સમજાવશો? | ૪:૩૦ |



| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૧૩ | (પ્રશ્નનો સારાંશ) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૨મી જન્મજયંતી, પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા, જ્ઞાન સ્વભાવનું વર્ણન. | ૧૦:૨૭ |
| ૧૪ | સમયસારના ત્રીજા શ્લોકમાં ભગવાન અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું છે કે આ સમયસારશાસ્ત્રની ટીકાથી મારી પરમ વિશુદ્ધિ થાઓ. સ્વભાવે તો હું શુદ્ધ ચિન્મૂર્તિ છું. આ બન્નેની સંધિ કૃપા કરી સમજાવશો? | ૪:૨૫ |
| ૧૫ | સાધકને અંતરમાં આલંબનભૂત તત્ત્વ શું છે? શું જેનું અનુભવન હોય તેનું જ વેદન હોય છે? | ૧:૨૩ |
| ૧૬ | આપ અને પૂજ્ય ગુરુદેવશ્રી વારંવાર કહો છે કે કરવાનું તો તારે જ છે....જ્યારે બીજી તરફ 'પંચ પરમેષ્ઠિ ભગવાનની કૃપાનું ફળ મોક્ષ છે' આ બંને વચ્ચેની સંધિ કેમ છે? | ૪:૦૫ |
| ૧૭ | સમયસાર ગાથા ૨૦૬માં આવે છે કે એટલો જ સત્ય (પરમાર્થસ્વરૂપ) આત્મા છે જેટલું આ જ્ઞાન છે. તો શું 'જ્ઞાનમાત્ર તત્ત્વમાં' જ બધું આવી જાય છે? પણ અમને તો જ્ઞાનમાત્ર તત્ત્વમાં જ્ઞાનસિવાય બીજું કાંઈ દેખાતું નથી? | ૪:૪૭ |
| ૧૮ | જ્ઞાની અને અજ્ઞાનીમાં એવો તો શો તફાવત છે કે જ્ઞાનીના બધા ભાવો વેપાર, લડાઈ વગેરે કરવા છતાં પણ જ્ઞાનમય કહેવાય છે અને અજ્ઞાનીના બધા ભાવો વાંચન વિચાર વગેરે કરવા છતાં પણ અજ્ઞાનમય કહેવાય છે? | ૩:૦૭ |
| ૧૯ | પૂજ્ય ગુરુદેવશ્રીએ જે સમ્યગ્દર્શનનો ખૂબ ખૂબ મહિમા ગાયો છે તે સમ્યગ્દર્શનનું સ્વરૂપ અનંત-કાળમાં અમને કદી સમજાયું નથી તો કલ્યાણકારી સમ્યગ્દર્શનનું સ્વરૂપ કૃપા કરીને સમજાવશો? | ૪:૦૧ |
| ૨૦ | પ્રવચનસાર ગાથા ૩૯/૪૭માં 'પ્રત્યક્ષ જ્ઞાનનો મહિમા' ને 'ક્ષાયિક જ્ઞાનનો મહિમા' ગાયો છે તો તે સમજાવા કૃપા કરશો ! | ૪:૪૬ |
| ૨૧ | સમયસાર આસ્રવ અધિકારના કળશ નં. ૧૨૨માં કહ્યું છે....''તજે શુદ્ધ-નય બંધ છે અને શુદ્ધનય ગ્રહણથી મોક્ષ છે'' તો શુદ્ધનયનું સ્વરૂપ શું છે? | ૩:૪૪ |

| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૨૨ | સમયસાર કલશ નં. ૧૦૪માં આવે છે....''સર્વ કર્મોનો નિષેધ કરવામાં આવતાં નિષ્કર્મ અવસ્થાવાળા મુનિઓ કાંઈ અશરણ નથી પણ જ્ઞાનનું શરણ લઈ પરમ અમૃતને પીવે છે'' તો તે જ્ઞાનનું સ્વરૂપ સમજાવશો? | ૫:૨૪ |
| ૨૩ | (સમયસાર કળશ ૧૪૪)માં આવે છે કે હું અચિંત્ય શક્તિવાળો સ્વભાવ (સ્વયમેવ દેવ) છું....હું પરમાત્મા છું....પણ વર્તમાનમાં તો અમને અમારી દીનતા ભાસે છે, તો અમારી દીનતા જાય એવું શું રહસ્ય આ વાતમાં રહેલું છે? | ૫:૨૪ |
| ૨૪ | ''रुचिका पोषण और तत्त्वका घूंटण'' कार्य होनेके लिए वचनामृतमें आपने बताया है, वो हम तत्त्वका घूंटण करते हैं फिर भी कार्य नहीं होता है तो कहाँ खामी रह जाती है? | ૩:૧૨ |
| ૨૫ | आपके शरणमें आये हैं तो पुरुषार्थकी कमी भी दूर हो जाएगी ऐसा हमें विश्वास है। | ૦:૩૧ |
| ૨૬ | सम्यग्दर्शनके पहले आत्मप्राप्तिकी तलब कैसी होती है ? | ૧:૫૫ |
| ૨૭ | અજ્ઞાની પાસે સ્વરૂપ સાધવા માટે વર્તમાનમાં કોઈ સાધન છે? | ૧:૩૨ |
| ૨૮ | ज्ञान स्व-परप्रकाशक है तो सम्यग्दर्शन पानेके पहले ज्ञान अपनी तरफ क्यों नहीं आता? | ૧:૪૨ |
| ૨૯ | (પ્રશ્નનો સારાંશ) સમયસાર કલશ ૨૫૧માં આવે છે.... અજ્ઞાનીને જ્ઞેયાકારો નથી જોઈતા અને પરને જાણવાથી અશુદ્ધતા થાય છે તેમ તે માને છે તો તે કેવી રીતે છે? | ૨:૪૫ |
| ૩૦ | પૂજ્ય ગુરુદેવશ્રી નિશ્ચયનયને સદા મુખ્ય ફરમાવતા હતા અને આગમમાં ક્યારેક નિશ્ચયને મુખ્ય અને ક્યારેક વ્યવહારને મુખ્ય દર્શાવે છે. તો બન્ને જુદા જુદા પ્રકારનાં કથનો પાછળ જ્ઞાની ધર્માત્માઓનો શું મર્મ છે તે કૃપા કરી સમજાવશો. | ૪:૫૦ |
| ૩૧ | દૃષ્ટિમાં આત્મા રહે એટલે શું? આખો દિવસ ત્યાં જ ઉપયોગ રહે? | ૨:૨૨ |



| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૩૨ | આવું (નિશ્ચય અને વ્યવહારનું યથાર્થ સ્વરૂપ) સમજવાથી આત્માની તીખી રુચિ કઈ રીતે થાય? | ૨:૦૬ |
| ૩૩ | (નિશ્ચય અને વ્યવહારનું યથાર્થ સ્વરૂપ જાણતાં) આમાં સાથે સાથે ઉપકારી સત્પુરુષનો મહિમા આવી જાય છે? | ૪:૨૩ |
| ૩૪ | આગમમાં ઠેર ઠેર સમ્યગ્દર્શનના લક્ષણ તરીકે સાત તત્ત્વના યથાર્થ શ્રદ્ધાનને જ મહત્ત્વ આપ્યું છે તો તેમાં આટલું બધું શું રહસ્ય છે? તે કૃપા કરી સમજાવશો. | ૯:૧૪ |
| ૩૫ | જ્ઞાનીની દશા....જ્ઞાનીના સહજ પુરુષાર્થ વિષે પૂજ્ય બહેનશ્રીના સહજ ઉદ્ગાર | ૩:૩૪ |
| ૩૬ | જેમ જ્ઞાન અને ચારિત્ર કહેતા કાંઈ તેનો આછો પાતળો ભાવ પકડાય છે પણ દૃષ્ટિ કે જેના આધારે ભવ કટી થઈ જાય-બધા દુઃખડા દૂર થઈ જાય તે દૃષ્ટિના સ્વરૂપનો મહિમા સમજાવવા વિનંતી છે. | ૫:૫૨ |
| ૩૭ | જ્ઞાનીને સમ્યગ્દર્શનમાં અંતરંગ નિમિત્ત કહેવાય છે તેમાં શો આશય છે? | ૨:૦૩ |
| ૩૮ | ભેદજ્ઞાન જે થાય છે તે સામાન્ય રાગ પરિણતિથી થાય છે? કે ઉઠતાં વિકલ્પોથી થાય છે? | ૬:૪૯ |
| ૩૯ | જ્ઞાયકધારાની શરૂઆત છે તે પ્રયત્નપૂર્વકના વિકલ્પથી જ થાય છે? | ૩:૧૦ |
| ૪૦ | 'ભેદજ્ઞાન ત્યાં સુધી ભાવવું કે જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનમાં સ્થિત ન થાય' તે સમજાવશો? | ૩:૫૨ |
| ૪૧ | રાગાદિ ભાવો હોવા છતાં તે વખતે આત્મા શુદ્ધ કેમ હોઈ શકે? અને રાગ અને આત્માની ભિન્નતા કઈ રીતે સમજી શકાય? તથા અનાદિકાળથી રાગ-દ્વેષ સાથે એકતારૂપે પરિણમતો આત્મા ભિન્નપણે કઈ રીતે પરિણમે? તે સમજાવવા આપ કૃપા કરો. | ૬:૫૭ |
| ૪૨ | સમ્યગ્દૃષ્ટિને નિરંતર જ્ઞાનચેતના હોય છે, જેથી તેના બધા પરિણામ જ્ઞાનમય હોય છે, તે કેમ છે? તે સમજાવશો? | ૭:૨૬ |

| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૪૩ | નિત્ય-અનિત્ય, સત્-અસત્ વગેરે વિરુદ્ધ ધર્મો એક સાથે કેવી રીતે રહે છે? અને તે વિરોધ સમ્યક્‌જ્ઞાનમાં કેવી રીતે ટળી જાય છે? | ૪:૪૭ |
| ૪૪ | નિર્વિકલ્પ અનુભૂતિ વખતે જ્ઞાનગુણ પરિણમન તો કરતો હોય છે તો તે સમયે આત્માના બંધારણમાં દ્રવ્ય-ગુણ-પર્યાય નિર્વિકલ્પપણે જણાય છે કે બધું એકમેકરૂપે અનુભવાય છે? | ૪:૪૬ |
| ૪૫ | સમ્યગ્દષ્ટિ જીવને જ્ઞાયકનો દોર હાથમાં આવી ગયા બાદ ઉપયોગ બહારમાં જાય તો સમ્યગ્દર્શનને કાંઈ હાનિ થાય છે? ઉપયોગ બહારમાં હોય તોપણ નિરંતર શાંતિ વેદાતી હોય? નિર્વિકલ્પ દશા નથી તેનો તેને ખેદ હોય છે? આ ઉપયોગની અટપટી વાત સમજાવવા કૃપા કરશો? | ૭:૫૮ |
| ૪૬ | છ દ્રવ્ય, પંચાસ્તિકાય, નવ તત્ત્વ, હેય-જ્ઞેય-ઉપાદેય, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વગેરે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે જાણવું જરૂરી છે કે એકલો ધ્રૌવ્ય જીવ સ્વભાવ જાણવાથી મુક્તિમાર્ગે જઈ શકાય છે? | ૮:૩૦ |
| ૪૭ | દૃષ્ટિ ત્રિકાળી દ્રવ્ય સિવાય કોઈને સ્વીકારતી નથી, દૃષ્ટિ પર્યાય છે તો પર્યાયમાં તો રાગ-દ્વેષ થાય છે કે નહીં? | ૧:૦૨ |
| ૪૮ | સમ્યગ્દર્શનમાં જે રીતે ભેદજ્ઞાનની ધારા વર્તે છે શું તે જ માર્ગે કેવળજ્ઞાન થાય છે? તે કેવળજ્ઞાનનું શું સ્વરૂપ છે તે સમજાવશો. | ૬:૧૫ |
| ૪૯ | વચનામૃતમાં ફરમાવે છે કે "શુદ્ધ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ કરીને પર્યાયની અશુદ્ધતાને ખ્યાલમાં રાખીને પુરુષાર્થ કર." અશુદ્ધ પર્યાયનો પક્ષ અનાદિથી જ કરેલ છે, તો આપ તેનો ખ્યાલ ન ચૂકી જવાય તેવું શા માટે કહો છો? | ૮:૪૯ |
| ૫૦ | જીવનું જ્ઞાન લક્ષણ જાણવાથી લક્ષ્ય એવો આત્મા પ્રસિદ્ધ થાય છે એવું આગમ વચન છે તો સાથે ઇન્દ્રિયનિગ્રહ, વૈરાગ્યભાવ, સંસાર પ્રત્યેની વિરક્તિ વગેરે ભાવોની જરૂર રહી કે નહીં? | ૯:૨૮ |



| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૫૧ | જીવને નિરંતર સાક્ષીભાવે વર્તમાનમાં પરના અકર્તાપણાનો સિદ્ધાંત જ મુખ્યપણે કામ કરે છે કે જીવની અનંત શક્તિઓની શ્રદ્ધા પણ સાથે કામ કરે છે? | ૧૦:૧૬ |
| ૫૨ | "અંજનચોરે શેઠના વચનને પ્રમાણ માની સિદ્ધિ પ્રાપ્ત કરી" તેમ પ્રથમાનુયોગમાં આવે છે, તેમ અમો પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનને પ્રમાણ માની લઈએ, તો સમ્યગ્દર્શન થાય ખરું? | ૭:૫૪ |
| ૫૩ | એકવાર અનુભૂતિ પ્રાપ્ત થયા પછી શું જીવ ધારે ત્યારે નિર્વિકલ્પ થઈ શકે ખરો? | ૬:૫૭ |
| ૫૪ | પરમાત્મ તત્ત્વ વિષે ધ્યાનાવલીઓ હોવાનું શુદ્ધનય કહેતો નથી તેનો શો અર્થ છે? સાધકને લડાઈમાં પણ શુદ્ધનયનું આલંબન છૂટતું નથી તે કેવી રીતે બની શકે? ત્યારે તો ઉપયોગમાં ચંચળતા હોય છે? | ૧૩:૨૧ |
| ૫૫ | સ્વરૂપનું જ્ઞાન અને શ્રદ્ધાન શરૂઆતથી સાથે સાથે ચાલે છે કે એમાં કોઈ ક્રમ છે? | ૪:૩૧ |
| ૫૬ | સમ્યક્‌શ્રદ્ધાન અને જ્ઞાન બન્ને સાથે સાથે ચાલે છે તે તો બરાબર છે, પણ તે પહેલાંની ભૂમિકામાં જ્ઞાન થતાં થતાં શ્રદ્ધાનનું કાંઈ કામ ચાલતું હોય છે? | ૧:૧૭ |
| ૫૭ | પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપદેશ જિજ્ઞાસા અને ભાવનાથી સાંભળ્યો કે "હું એક જ્ઞાયક છું પણ શરીર હું નથી"—આટલું જ્ઞાન હોય તો તે સમ્યગ્દર્શન થયું કહેવાય કે નહીં? | ૫:૨૫ |
| ૫૮ | આ કાળમાં જીવો અતિ સ્થૂળ બુદ્ધિવાળા છે, આથી તેઓ કઈ રીતે રાગ અને આત્માનું ભેદજ્ઞાન કરી શકે? | ૮:૧૩ |
| ૫૯ | બંધ મોક્ષનું કારણ અને બંધ મોક્ષના પરિણામથી સમ્યગ્દર્શનનો વિષયભૂત આત્મા શૂન્ય છે,—મુક્ત પર્યાયથી જે શૂન્ય છે તેનો આશ્રય લેવાથી મુક્ત પર્યાય પ્રગટે છે, તો તે મૂળભૂત જ્ઞાયક કેવો છે? | ૯:૧૦ |

| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૬૦ | પર્યાયને અંતરમાં વાળવી અને ગુણગુણીના ભેદને તિરોધાન કરવાનો જે ઉપદેશ છે. તેમાં પર્યાયને અંતરમાં વાળવી એટલે શું? ગુણોના ભેદને તિરોધાન કરવા એટલે શું? | ૭:૧૮ |
| ૬૧ | શુદ્ધનયનો વિષય અંશરૂપ હોવા છતાં તે પરિપૂર્ણ છે? આત્મામાં એક અંશ પરિપૂર્ણ થઈને રહેતો હોય તો બીજા અંશને શૂન્ય થવું પડે? આ વાત કૃપા કરી સમજાવશો. | ૧૦:૨૦ |
| ૬૨ | જ્ઞાની પુરુષો, અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો આખો દિવસ શું કરતા હશે? તેઓને પરમાં કાંઈ કરવાનું રહ્યું નથી, તો તેમનો સમય કેમ વ્યતીત થતો હશે? | ૮:૪૮ |
| ૬૩ | અનુભૂતિની શોભા વધારે છે કે આત્મદ્રવ્યની શોભા વધારે છે? આત્મદ્રવ્યની શોભા તો પ્રત્યેક પ્રાણીમાં છે છતાં દુઃખી છે અને અનુભૂતિથી જ સુખની પ્રાપ્તિ હોવાથી અનુભૂતિની શોભા વાસ્તવિક શોભા હોય એવું લાગે છે, તો તે અનુભૂતિ કેમ પ્રગટ થાય? | ૫:૨૭ |
| ૬૪ | આત્મા પરમાત્માસ્વરૂપ–સિદ્ધસ્વરૂપ છે એમ પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવતા હતા અને શાસ્ત્રમાં પણ આચાર્યોએ ભગવાનની વાણી અનુસાર આવું આત્માનું સ્વરૂપ ફરમાવ્યું છે. તો આત્માનું સિદ્ધસ્વરૂપ–પરમાત્મસ્વરૂપ કેમ સમજાય? તેમજ તેની પ્રાપ્તિ કઈ રીતે થાય? | ૮:૩૬ |



## DVD No-2

| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૧ | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક | ૨:૫૪ |
| ૨ | પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃતમાં આવે છે કે "હું જ પરમાત્મા છું" એમ નક્કી કર, નિર્ણય કર, અનુભવ કર, તેમાં શું કહેવા માગે છે? | ૭:૦૦ |
| ૩ | આ જગતમાં વસ્તુ છે તે પોતાના સ્વભાવમાત્ર છે. આત્મા જ્ઞાનનો કર્તા અને વિભાવદશામાં અજ્ઞાન-રાગ-દ્વેષનો કર્તા છે, પણ પરદ્રવ્યનો કર્તા આત્મા નથી એવું અમને શ્રદ્ધામાં છે, છતાં પરદ્રવ્યની પ્રવૃત્તિમાં આવતાં તન્મયપણું ભાસે છે તો તે કર્તાપણું કઈ રીતે ટળે અને જ્ઞાતાપણું કઈ રીતે પ્રગટે? | ૭:૪૮ |
| ૪ | આત્મા અચિંત્ય શક્તિવાળો સ્વયં દેવ છે. જે ક્ષણે જાગે તે ક્ષણે આનંદસ્વરૂપ જાગતી જ્યોતિ અનુભવમાં આવે કે બહાર આવે (સવિકલ્પદશામાં) ત્યારે આનંદની ખબર કઈ રીતે પડે? | ૫:૧૫ |
| ૫ | દરેક જીવ પરમાત્મસ્વરૂપ છે. પણ અમારી પાસે વર્તમાનમાં તો મતિ-શ્રુતજ્ઞાન પ્રગટપણે છે તો અમે પરમાત્મસ્વરૂપ છીએ તે મતિ-શ્રુતજ્ઞાન દ્વારા કેમ ખ્યાલમાં આવે? | ૫:૪૯ |
| ૬ | આશ્રયભૂત તત્ત્વનું અવલંબન લેતાં સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધીની પર્યાયો પ્રગટ થાય છે. આ અવલંબન સાધકદશામાં હોય છે કે સિદ્ધદશામાં પણ ચાલુ રહે છે? | ૭:૧૧ |
| ૭ | જ્ઞાન અને રાગને લક્ષણ ભેદે સર્વથા જુદા પાડો તો જ સર્વજ્ઞ સ્વભાવી શુદ્ધ જીવ લક્ષમાં આવી શકે, જ્ઞાન અને રાગના લક્ષણભેદ જાણી, જ્ઞાન તે ઉપાદેય અને રાગ તે હેય એમ નક્કી કરવા છતાં શુદ્ધ જીવ લક્ષમાં કેમ આવતો નથી? | ૫:૦૬ |

| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૮ | રાગ અને જ્ઞાન જુદા છે એટલું જાણે તો તે પૂરતું થઈ રહે કે દ્રવ્ય અને જ્ઞાન પર્યાય તેનું ભેદજ્ઞાન પણ કરવું પડે? | ૨:૦૫ |
| ૯ | (અ) સમ્યગ્દર્શન-ચારિત્ર-સર્વજ્ઞદેવ-ત્રિકાળી સ્વભાવ આ ચાર વિષે... ત્રિકાળી સ્વભાવ મુખ્ય છે. બાકી બધું ઉપચાર છે ને? (માતાજીનું ઉદ્‌બોધન) | ૬:૦૯ |
| ૧૦ | (બ) સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે કે ચારિત્ર તે ખરેખર ધર્મ છે? આસ્રવભાવ તે ઝેર જેવો છે, તેમાંથી તેનું મારણ કાઢવા સમ્યગ્દૃષ્ટિ જીવ સમર્થ છે. તે કઈ વિદ્યાના બળે કરી શકે છે? | ૮:૩૯ |
| ૧૧ | જીવને સુખ જોઈએ છે, તો ચૈતન્યની મૂળ ઋદ્ધિ સુખ છે કે જ્ઞાન છે? પૂર્ણ જ્ઞાન વગર પૂર્ણ સુખ હોય નહિ તો સુખ માટે શું જ્ઞાનનો આધાર છે? | ૫:૫૧ |
| ૧૨ | સમ્યગ્જ્ઞાનીને નિરંતર જ્ઞાનધારા હોય છે. ઉપયોગ બહારમાં હોય ત્યારે પણ ભેદજ્ઞાનની ધારા ચાલુ છે તે કેવી રીતે સંભવી શકે? તે કૃપા કરીને સમજાવશો. | ૩:૫૧ |
| ૧૩ | અનંતકાળથી જે સમ્યગ્દર્શન પામ્યા નહિ, તે પામવા માટે તો અત્યારે પુરુષાર્થ ક્યાંથી કાઢવો? સારા કાળમાં જે ન બન્યું તે દુઃષમ કાળમાં કેમ બનશે? | ૬:૨૦ |
| ૧૪ | શુદ્ધાત્માનું અવલંબન અભિપ્રાયમાં થાય છે? જ્ઞાનમાં રહે છે? કે ધ્યાન કાળે થાય છે? અવલંબન લેવું એટલે શું? | ૫:૨૮ |
| ૧૫ | એકવાર અનુભૂતિ પ્રાપ્ત થયા પછી નય, નિક્ષેપ, પ્રમાણની કાંઈ જરૂર ખરી? | ૫:૫૯ |
| ૧૬ | શ્રીમદ્‌જીએ કહ્યું છે કે "સત્સંગ વિના ધ્યાન તરંગરૂપ થઈ જાય છે" તો જ્ઞાનીની નિશ્રામાં રહીને ધ્યાન કરવામાં કાંઈ વાંધો ખરો? | ૫:૫૨ |
| ૧૭ | આજનો દિવસ મહામંગળ છે, આજે આપે શુદ્ધાત્મસ્વરૂપી ભગવાન આત્માના સાક્ષાત્ દર્શન કર્યા, આપ વિકલ્પાતીત થયાં, પવિત્ર સમ્યગ્દર્શન પ્રગટ કર્યું. તો વિકલ્પાતીત થવાનો ઉપાય શું છે? તે બતાવવા કૃપા કરશો. | ૬:૫૧ |



| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૧૮ | વચનામૃતમાં આવે છે કે જ્ઞાનીને દૃષ્ટિ સાથે વર્તતું જ્ઞાન બધો વિવેક કરે છે. તો જ્ઞાન કેવી રીતે વિવેક કરે છે? તે આપ કૃપા કરીને સમજાવશો. | ૪:૦૩ |
| ૧૯ | મુમુક્ષુનું હૃદય ભીંજાયેલું હોય છે, તે વિષે કહેશો. | ૧:૪૨ |
| ૨૦ | 'વચનામૃત વીતરાગનાં પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ'...તેમાં કાયરને પ્રતિકૂળ એટલે શું? | ૧:૪૧ |
| ૨૧ | મુનિ, મુનિપણાની મર્યાદા ઓળંગીને વિશેષ બહાર જતા નથી. મર્યાદા છોડી વિશેષ બહાર જાય તો, પોતાની મુનિદશા જ ન રહે, તો મુનિરાજને કેવી મર્યાદા હોય છે? | ૪:૨૫ |
| ૨૨ | નિયમસાર કળશ ૭૨માં આવે છે કે મુનિરાજ સમ્યગ્દૃષ્ટિને વંદન કરે છે તેનો ખુલાસો કરશો. | ૧:૫૩ |
| ૨૩ | જ્ઞાનીને ઉપયોગ બહાર હોય અને દૃષ્ટિ અંતરમાં ટકી રહે છે, તો એક સાથે બે કેવી રીતે હોય છે? | ૫:૧૮ |
| ૨૪ | રાગાદિથી ભિન્ન ચિદાનંદ સ્વભાવનું ભાન અને અનુભવ થયો તેની ધર્મીને ખબર પડે કે નહીં, કે મને અંતરનું વેદન થયું. સમ્યગ્દર્શન થયું? | ૭:૫૫ |
| ૨૫ | ઉપયોગ એક સમયનો હોય છે, ઉપયોગ એક સમયમાં એકને જાણે તો દ્રવ્યને જાણે તે સમયે પર્યાયને કેવી રીતે જાણે? | ૨:૨૩ |
| ૨૬ | દ્રવ્યમાં પર્યાય નથી તો પછી પર્યાયને કેમ ગૌણ કરવામાં આવે છે? | ૪:૨૮ |
| ૨૭ | સમ્યક્ત્વસન્મુખ જીવને કેવા પ્રકારનું તત્ત્વ ચિંતવન હોય છે? અને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે કેવી ભક્તિ હોય છે? | ૧:૫૨ |
| ૨૮ | ધર્મીને જ્યારે સ્વમાં ઉપયોગ હોય ત્યારે ધર્મ હોય. પણ જ્યારે ઉપયોગ પરમાં હોય ત્યારે ધર્મ હોય કે નહીં? | ૫:૦૩ |
| ૨૯ | (જ્ઞાનીને) પરિણતિમાં આનંદનું વેદન આવતું હશે? | ૧:૩૬ |

| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૩૦ | સ્વાનુભૂતિ થતાં જીવને કેવો સાક્ષાત્કાર થાય? આવી સ્વાનુભૂતિ પ્રાપ્ત કરવા જીવે શું કરવું? | ૬:૨૬ |
| ૩૧ | આત્માનુભૂતિનું વર્ણન વચનમાં આવી શકે તેવું નથી છતાં પણ સાક્ષાત્કાર વિશે થોડો ઘણો પ્રસાદ આપશો? | ૩:૧૭ |
| ૩૨ | ''કોઈપણ કાર્યમાં બહુ સોચ કરવા યોગ્ય નથી''—શ્રીમદ્‌જીના વાક્યો.... | ૧૮:૨૩ |
| ૩૩ | ''દશ્યને અદશ્ય કર અને અદશ્યને દશ્ય કર તેવા જ્ઞાની પુરુષ....'' શ્રીમદ્‌જીના વાક્ય વિષે.... ઊંડા સંસ્કાર હોય તો કામ આવે! (અ) સંસ્કાર ઊંડા હોય તો કામ આવે. (બ) ક્રમબદ્ધ અને પુરુષાર્થ વિષે... | ૭:૨૯ |
| ૩૪ | સનાતન ધર્મ એટલે શું? | ૨:૦૦ |
| ૩૫ | સાચું સુખ શામાં છે? | ૨:૧૫ |
| ૩૬ | (પ્રશ્નનો સારાંશ) (૧) જ્ઞાનીની કથન પદ્ધતિની વિવિક્ષા વિષે....(૨) દ્રવ્ય અને પર્યાયની પ્રદેશ ભિન્નતાનો ખુલાસો....(૩) જ્ઞાનીનો આશય પકડવો.....(૪) પર્યાયનો કર્તા પર્યાય છે તે વિષે. | ૮:૪૧ |
| ૩૭ | પૃથક્ત્વ તથા અન્યત્વમાં શો તફાવત છે? (પ્ર.ગા. ૧૦૬) | ૧:૧૮ |
| ૩૮ | (પ્રશ્નનો સારાંશ) જ્ઞાની ભક્તિમાં જોડાય ત્યારે સમભાવ હોય? | ૪:૪૮ |
| ૩૯ | (આત્મપ્રાપ્તિનો) એકધારો પ્રયાસ કરે તો પ્રાપ્ત થાય જ..... | ૨:૧૦ |
| ૪૦ | જ્ઞાનમાં જે (સ્વ-પર) જાણવાનો પ્રકાર છે તેનો નિષેધ કરવામાં આવે તો એમાં લાભ શો થાય? નુકશાન શું થાય? | ૬:૫૬ |
| ૪૧ | નિર્વિકલ્પ વખતે, પુરુષાર્થગુણની પ્રધાનતાથી પૂર્ણપણે જાણે કે અધૂરારૂપે જાણે? | ૨:૩૫ |
| ૪૨ | જ્ઞાનનાં પડખાં તો ખ્યાલમાં આવે છે પણ દષ્ટિ શું છે તે ખ્યાલમાં આવતું નથી? | ૯:૫૬ |



| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૪૩ | પૂજ્ય બહેનશ્રીની સહજ વાણી (પ્રતિજ્ઞા વિષે....) | ૪:૪૨ |
| ૪૪ | અનુભવ પહેલાં સવિકલ્પ નિર્ણયનું સાચું સ્વરૂપ શું છે? | ૫:૩૨ |
| ૪૫ | રુચિ કેમ પલટાય? | ૧:૫૬ |
| ૪૬ | અનુભવ પહેલાં યથાર્થ નિર્ણય આવવો જોઈએ? ખરેખર યથાર્થ નિર્ણય માત્ર ધારણારૂપ હોય કે બીજું કાંઈક હોય? | ૫:૨૧ |
| ૪૭ | જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રીનું સ્વરૂપ શું છે? | ૧૭:૧૩ |
| ૪૮ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં પરિવર્તન વિષે. | ૨૧:૧૨ |
| ૪૯ | 'જો ઈચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ'.....પરની પર્યાયને ફેરવી શકાય નહીં, તેમ પોતાની પર્યાય ફેરવી શકાય નહીં, એમ વાત આવે છે—કરવું તે મરવું એમ પણ આવે છે અને બધું ક્રમબદ્ધ છે એમ પણ આવે છે—આ ત્રણેનો મેળ કેવી રીતે છે? તે સમજાવવાની કૃપા કરશોજી. | ૫:૪૫ |
| ૫૦ | જ્ઞાતાધારા પ્રગટ કરવા માટે શું કરવું? | ૩:૦૪ |
| ૫૧ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ નં. ૧૭માં આવે છે : 'અનંત ગુણસ્વરૂપ આત્મા, તેના એકરૂપ સ્વરૂપને દષ્ટિમાં લઈ તેને એકને જ ધ્યેય બનાવી, તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરવો તે જ પહેલામાં પહેલો શાંતિ અને સુખનો ઉપાય છે.' સ્વરૂપને દષ્ટિમાં લેવું અને તેને ધ્યેય બનાનવું તેમાં શું અંતર? | ૬:૧૫ |
| ૫૨ | જ્ઞાયકને દષ્ટિનો વિષય બનાવ્યા પછી જે બાહ્ય પદાર્થો, સંયોગી પદાર્થો, નૈમિત્તિક પદાર્થો કે નૈમિત્તિકભાવો થયા કરે છે તેને જ્ઞાન શું કરે? માત્ર જાણે? | ૨:૩૬ |
| ૫૩ | તેનાથી (વિભાવથી) છૂટકારો જ્ઞાનીના વચનોથી થાય કે પોતાને કરવો પડે? | ૦:૪૦ |

| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૫૪ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપ પ્રવચનો વિષે.... | ૩:૨૦ |
| ૫૫ | પૂજ્ય ગુરુદેવશ્રીને સાંભળ્યા ન હોય તો ટેપ સાંભળવાથી કોઈને સમ્યગ્દર્શન થઈ શકે? | ૦:૨૮ |
| ૫૬ | શ્રીમદ્‌જી અને ગુરુદેવશ્રીને નિસર્ગજ કે અધિગમજ સમ્યગ્દર્શન હતું? | ૦:૪૩ |
| ૫૭ | ....આ બધાની (દ્રવ્ય-પર્યાયની) ભિન્નતા કાર્ય (ભાવ) અપેક્ષાએ છે કે ક્ષેત્ર સંબંધી.... (અપેક્ષાએ) | ૯:૦૪ |
| ૫૮ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ નં. ૭માં આવે છે કે : 'આખા સિદ્ધાંતનો સારમાં સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ થવું તે છે.' જ્ઞાનીના એક વચનમાં અનંતી ગંભીરતા ભરી છે. તેમાં અનંતી અને ગંભીરતામાં શું કહેવું છે? | ૫:૦૮ |
| ૫૯ | વૈરાગ્ય સંબોધન | ૨:૪૬ |
| ૬૦ | દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે રુચિ લાવવા શું શું કરવું જોઈએ? તથા 'માંગલિક' | ૫:૩૧ |
| ૬૧ | જ્ઞાનગુણ સવિકલ્પ છે અને બાકી બધા ગુણો નિર્વિકલ્પ છે, તો કેવળજ્ઞાન સવિકલ્પ કહેવાય કે કેમ? | ૨:૪૫ |



## DVD No-3

| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૧ | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક | ૨:૫૪ |
| ૨ | પ્રવચનસારમાં આવે છે....શાસ્ત્રનો અભ્યાસ કરવાં છતાં ઘણા જીવોને રુચિ વહેલી થાય છે--ઘણા જીવોને રુચિ મોડી થાય છે તેનું શું કારણ? (પ્રશ્નનો સાર...) | ૨૨:૧૧ |
| ૩ | ગુરુદેવશ્રીનાં વચનામૃત(બોલ નં. ૨૫૦)માં આવે છે કે ''....કપડાં વિના દાગીના શોભતા નથી...''....તેમાં ગુરુદેવશ્રી લૌકિક નીતિ અને લોકોત્તર નીતિ અથવા વ્યવહાર ધર્મ અને નિશ્ચયધર્મ બે માંથી ક્યા ધર્મની વાત કરે છે? | ૪:૦૧ |
| ૪ | ''આત્મા સૌથી અત્યંત પ્રત્યક્ષ છે, એવો પરમ પુરુષે કરેલો નિશ્ચય પણ અત્યંત પ્રત્યક્ષ છે.'' તેમાં શું કહેવા માંગે છે? શ્રીમદ્‌જીનું વાક્ય | ૮:૩૯ |
| ૫ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃતમાં આવે છે કે ''રાગના વિકલ્પથી ખંડિત થતો હતો, તે જીવે સ્વરૂપનો નિર્ણય કર્યો અને સ્વરૂપમાં ઠર્યો ત્યાં તે ખંડ ખંડ થતો અટકી ગયો...તો ખંડ ખંડ થતો હતો અટકી ગયો તેનો શો અર્થ? | ૬:૩૦ |
| ૬ | અંતરના અભ્યાસ વિષે.... | ૬:૩૪ |
| ૭ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત(બોલ નં. ૫૩)માં આવે છે કે 'જેને કેવળજ્ઞાનીનો વિશ્વાસ થાય તેને ચારેય પડખે સમાન અવિરોધ પ્રતીતિ જોઈએ અને તેને જ કેવળજ્ઞાનીએ દીઠું તેનો સાચો સ્વીકાર કર્યો છે' તો તેમાં ચારેય પડખેથી અવિરોધ પ્રતીતિ જોઈએ તેમાં શું કહેવું છે? | ૭:૦૫ |
| ૮ | મુનિરાજો જે જંગલમાં બેઠા છે—બધું છોડીને બેઠા છે તેમને આ શુદ્ધ સ્વરૂપનું ભાન ન થાય તે તો અમે જ્યાં જંજાળમાં બેઠા છીએ તો અમને કેમ થશે? | ૩:૪૧ |
| ૯ | જાતિસ્મરણ વિષે...... | ૨૪:૪૪ |

| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૧૦ | પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વઘરમાં જવાનું બહુ કહ્યું છે, પણ તે તરફ એક મિનિટ પણ ઉપયોગ જાય ત્યાં તો અનેક વિકલ્પો ઊભા થાય તે અંદર થંભવા દેતા નથી. | ૩:૧૦ |
| ૧૧ | ''ગંભીર તારી વાણીમાં....જે હૃદય તારું જાણતા, તે ભાવ તારો ખેંચતા'' તે સંબંધી.... | ૬:૪૯ |
| ૧૨ | આત્મામાં કેવળજ્ઞાન સત્તારૂપે છે અને આત્મામાં કેવળજ્ઞાન શક્તિરૂપે છે, તો સત્તા અને શક્તિમાં શું તફાવત છે? | ૧:૫૮ |
| ૧૩ | શ્રીમદ્જીમાં આવે છે કે ''ચોથા ગુણસ્થાન પહેલાં ઉપદેશકપણું હોવું ન જોઈએ'' તેમાં શું કહેવા માગે છે? | ૧:૩૪ |
| ૧૪ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત(બોલ નં. ૭૬)માં આવે છે કે 'જ્ઞાનીનું આંતરિક જીવન સમજવા અંતરની પાત્રતા જોઈએ;' જીવન સમજ્યા વગર અંદરની પાત્રતા આવી શકે? જ્ઞાનીનું આંતરિક જીવન સમજવા માટે પાત્રતા કેવી હોવી જોઈએ? | ૫:૨૧ |
| ૧૫ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત(બોલ નં. ૫૩)માં આવે છે ''પુરુષાર્થ હીન થઈને દ્રવ્યાનુયોગની વાતો કરે છે તો તે નિશ્ચયાભાસી છે'' એમાં પુરુષાર્થ કોને કહેવો. | ૫:૩૯ |
| ૧૬ | (આત્મા) સ્વભાવે શુદ્ધ છે અને રાગ યોગ્યતા પ્રમાણે થયા કરે છે? એમ સમજીએ તો? | ૫:૨૨ |
| ૧૭ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ ૪૧માં આવે છે કે ''સમયસાર આગમોનું પણ આગમ છે...'' એ ક્યા ભાવથી કહ્યું છે? | ૨:૫૭ |
| ૧૮ | છ માસ સુધી મંદ પુરુષાર્થ સતત ચાલુ રહે તેને સમ્યગ્દર્શન થાય, આ ભૂમિકા ક્યા પ્રકારની કહેવાય? | ૧:૪૯ |
| ૧૯ | છ માસમાં (સમ્યગ્દર્શન) ન થાય તો તેને ઉભયાભાસી કહેવાય, નિશ્ચયાભાસી કહેવાય કે વ્યવહારાભાસી કહેવાય? | ૧:૪૧ |



| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૨૦ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃતમાં આવે છે, ''સર્વજ્ઞને જેણે પોતાની પર્યાયમાં સ્થાપ્યા તેને સર્વજ્ઞ થવાનો નિર્ણય આવી ગયો.'' તો ક્યા પ્રકારે સ્થાપના કરવી? એવી સમજણમાં સર્વજ્ઞ થવાનો નિર્ણય ક્યા પ્રકારે આવતો હશે? | ૭:૩૯ |
| ૨૧ | જે પ્રત્યક્ષ સત્પુરુષની મહિમા લાવતા નથી અને પરોક્ષ (પૂર્વે થઈ ગયેલા) સત્પુરુષોની મહિમા લાવે તો તેને સમ્યગ્દર્શન થાય? | ૫:૩૬ |
| ૨૨ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત(બોલ નં. ૨૦)માં આવે છે ''ભરત ચક્રવર્તી આહારના સમયે મુનિરાજના આગમનની પ્રતિક્ષા કરતા ને ભક્તિથી આહારદાન દેતા ને બીજી બાજુ 'તું ભગવાન છો' તો તે બન્નેનો મેળ કઈ રીતે છે? તે કૃપા કરી સમજાવશો. | ૮:૫૭ |
| ૨૩ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાં આવે છે કે ''બ્રહ્મદત્ત અને સુભૌમ ચક્રવર્તી હોવા છતાં તે વર્તમાનમાં નારકી જ છે. તેમને સમ્યગ્દર્શન થઈ ગયેલ છે તેથી તે વર્તમાનમાં સિદ્ધ જ છે.'' કઈ રીતે? | ૧:૪૨ |
| ૨૪ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત(બોલ નં. ૭૦)માં આવે છે કે ''જ્ઞાની અને અજ્ઞાનીનાં વચનો ઉપરટપકે જોતાં સરખા લાગે, પણ અંદર ઊંડુ રહસ્ય જોતાં, તેમના આશયમાં કેટલો આંતરો (ફરક) છે તે સમજાય'' તો તેમાં પૂજ્ય ગુરુદેવશ્રીને શું કહેવું છે? | ૪:૫૫ |
| ૨૫ | આત્મસ્વરૂપને સમજવા માટે ઘણી વાત પૂજ્ય ગુરુદેવશ્રીએ આપણી સમક્ષ મૂકી છે. બહિર્લક્ષી જ્ઞાનમાં તો ઘણી વાત સમજાઈ જાય છે. પરંતુ અંદરમાં શ્રદ્ધા પલટવાનું કામ થવું જોઈએ તે કઈ રીતે કરવું તેનું માર્ગદર્શન કૃપા કરીને આપશો? | ૧:૫૫ |
| ૨૬ | આચાર્ય ભગવાન અનેક પડખેથી સ્વભાવનો મહિમા કરે છે. આપણે તે સાંભળીએ, વાંચીએ છીએ પણ અંદરથી મહિમા જેવો આવવો જોઈએ તેવો કેમ નહીં આવતો હોય? | ૪:૪૮ |
| ૨૭ | આત્મસ્વરૂપનો મહિમા સમજવા માટે આપે જ્ઞાન અને વૈરાગ્ય બે ભેગા લીધા પણ તેમાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેની ભક્તિનું કાંઈ સ્થાન ખરું? | ૧:૪૧ |

| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૨૮ | (જીવ) બહારનું કાર્ય કરવાનો પુરુષાર્થ ઘણો કરે છે. તેમાં તેનું ધાર્યું કાંઈ થતું નથી. તો પણ તેને સાચી સમજણનો પુરુષાર્થ કેમ જાગતો નથી? | ૧:૨૭ |
| ૨૯ | પુરુષાર્થ માત્ર સ્વભાવ સન્મુખનો કરવો કે પુરુષાર્થમાં મોહને ટાળવાની પણ અમારી ભાગે જવાબદારી ખરી? વિભાવને દૂર કરવાનો પુરુષાર્થ કરવો પડે ખરો? | ૧:૨૨ |
| ૩૦ | સ્વભાવને કઈ રીતે ઓળખવો? | ૧:૧૭ |
| ૩૧ | જીવ એકલો પોતે પોતાના પુરુષાર્થથી કામ કરે છે તેમ લઈએ તો પછી (બે પદાર્થ વચ્ચેના) વૈરાગ્ય અને ભક્તિ વગેરેનું શું કામ? | ૪:૨૧ |
| ૩૨ | બધી જવાબદારી જીવની છે. પોતે બધું કરવાનું છે. એ વાત સ્વીકારી લીધી છે પણ કામ કઈ રીતે કરવું તે સમજાતું નથી અને તેની મૂંઝવણ થાય છે. કરવું આપણે છે પણ કરવું કઈ રીતે? | ૨:૧૮ |
| ૩૩ | પૂજ્ય ગુરુદેવશ્રીએ સમજણ કરાવી પણ રુચિ-લીનતા કરવામાં ગુરુદેવની મદદ..... | ૧:૩૮ |
| ૩૪ | (પ્રશ્નનો સાર).....વિકલ્પ આવે તે વખતે આવી રીતે કરવાની વાત છે. અમે તો સામાન્ય બુદ્ધિના છીએ આપની પાસેથી થોડું ઘણું ગ્રહણ થાય તો પ્રયત્ન ચાલુ રહે. | ૫:૨૩ |
| ૩૫ | વિકલ્પની ભૂમિકા વખતે વચ્ચે જે પ્રમાણમાં થોડું ઘણું ભાવભાસન જેવું થાય તે ભેદવિજ્ઞાનનો પ્રયત્ન કહેવાય? | ૨૦:૩૯ |
| ૩૬ | ભાવભાસનમાં શું થતું હશે? | ૪:૫૬ |
| ૩૭ | ભાવભાસનની પરિણતિને જ્ઞાનીની સવિકલ્પદશાની પરિણતિ સાથે સરખાવી શકાય? | ૧:૫૯ |
| ૩૮ | જ્ઞાનીની નિર્વિકલ્પદશા તથા સવિકલ્પ પરિણતિ બન્નેમાં શું ફેર છે? | ૪:૦૬ |
| ૩૯ | ચોથા ગુણસ્થાનવાળાના નિર્વિકલ્પ વેદન અને પાંચમાવાળાના સવિકલ્પ આનંદના વેદનમાં શું ફેર? | ૬:૨૭ |



| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૪૦ | 'હું ચૈતન્ય છું' અને અન્ય નથી તેમ નક્કી કરવા છતાં કાર્ય કેમ થતું નથી ? | ૫:૧૭ |
| ૪૧ | શ્રદ્ધાનું બળ આપવું જોઈએ, 'હું જ્ઞાયક જ છું' એવું જોર આપવું જોઈએ ? | ૫:૨૯ |
| ૪૨ | નિર્વિકલ્પતા સહજ છે તે ખબર પડે છે, પણ વિકલ્પ સહજ છે તે ખબર પડતી નથી? | ૪:૧૩ |
| ૪૩ | પ્રમાણ જ્ઞાન કામનું છે....? | ૨:૩૩ |
| ૪૪ | (પ્રશ્નનો સારાંશ) સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે 'બધું ક્ષણિક છે' અથવા 'આત્માના સ્વભાવનો મહિમા લાવવો,' તે બન્નેમાંથી ક્યું વિશેષ કાર્યકારી છે? | ૨:૫૦ |
| ૪૫ | (ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ નં. ૨માં આવે છે) 'જિનવર તે જીવ છે અને જીવ છે તે જિનવર છે કેટલી વિશાળ દૃષ્ટિ' તેમાં શું કહેવા માંગે છે? | ૪:૧૩ |
| ૪૬ | (ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ નં. ૮માં આવે છે) 'નિમિત્તની અપેક્ષા લેવામાં આવે તો બંધ-મોક્ષ બે પડખાં પડે છે અને તેની અપેક્ષા ન લેતાં એકલું નિરપેક્ષ તત્ત્વ લક્ષમાં લેવામાં આવે તો સ્વપર્યાય પ્રગટે છે' તેમાં પૂજ્ય ગુરુદેવશ્રીને શું કહેવું છે? | ૫:૦૭ |
| ૪૭ | ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ નં. ૯માં આવે છે : "ચામડાં ઉતારીને....ગુરુનો ઉપકાર ઓળવે તે અનંત સંસારી છે. કોની પાસેથી સાંભળવું તેનો જેને વિવેક નથી તે સાંભળવાને લાયક નથી. | ૧૪:૧૮ |
| ૪૮ | 'આત્મા, તેના એકરૂપ સ્વરૂપને દૃષ્ટિમાં લઈ તેને એકને ધ્યાવી' ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ નં. ૧૭માં આવે છે તેનો શો અર્થ છે? | ૫:૪૯ |
| ૪૯ | સમવસરણમાં જે અનેક પ્રાણીઓ હોય છે, તે જ્ઞાન પ્રાપ્ત કરે છે તેઓ મૂળભૂત હેતુ જે કહેવાનો હોય છે તે કેવી રીતે સમજી જાય છે? | ૨:૨૭ |
| ૫૦ | કોઈ યોગ્યતાવાળો જીવ હોય—આશય ગ્રહણ કરી શકતો હોય અને તે જીવ દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપને ન જાણે પણ જ્ઞાયકને લક્ષમાં લઈને પોતાનું કાર્ય કરી શકે? જેમકે તિર્યંચ. | ૭:૧૩ |

| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૫૧ | જે જ્ઞાનની સાથે આનંદ ન આવે તે જ્ઞાન જ નથી પણ અજ્ઞાન છે. એવું વચનામૃતમાં આવે છે. તેનો ભાવ સમજાવવા વિનંતી. | ૨:૦૩ |
| ૫૨ | એકલા વિકલ્પથી તત્ત્વવિચાર કર્યા કરે તો તે જીવ પણ સમ્યક્ત્વ પામતો નથી. અંદરમાં ચૈતન્ય સ્વભાવનો મહિમા કરીને નિર્વિકલ્પ અનુભૂતિ કરવી તે જ સમ્યગ્દર્શન છે. | ૪:૧૧ |
| ૫૩ | સ્વાધ્યાયમંદિરનાં ઉદ્‌ઘાટન વિષે.... | ૨૦:૩૯ |
| ૫૪ | (પ્રશ્નનો સારાંશ)ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો તે જ રાગ ટાળવાનો સાચો ઉપાય છે તે વિષે..... | ૩:૧૨ |
| ૫૫ | (પ્રશ્નનો સારાંશ) રાગથી હું ભિન્ન છું એમ બોલવામાં તથા ભાવભાસનમાં શું અંતર રહેતું હશે? | ૨:૪૮ |
| ૫૬ | (પ્રશ્ન સારાંશ) આપના સમાગમ પછી ઘણા ખુલાસા થયા ત્યારે ખ્યાલ આવે છે કે પહેલાં સમજણ કેવી હતી અને હવે કેવી છે ! | ૫:૦૭ |
| ૫૭ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત(બોલ નં. ૮૮)માં આવે છે કે ''પંચમ કાળે ભરતક્ષેત્રને ગરીબ ઘરે જન્મ્યો છો તેમ ન જો, તું અત્યારે જ્યારે જુએ ત્યારે સિદ્ધ સમાન છો'' એમાં પૂજ્ય ગુરુદેવશ્રીને શું કહેવું છે? | ૭:૦૩ |
| ૫૮ | આકરી પ્રતિકૂળતા વખતે તથા કોઈ કઠોર મર્મચ્છેદક વચન કહે, ત્યારે દેહમાં સ્થિત પરમાત્માનું ધ્યાન કરીને...સમતા રાખવી વગેરે કહ્યું, પણ અમારા શ્રદ્ધા-જ્ઞાનનાં ઠેકાણા નથી તો અમે ક્યાંથી પરમાત્માનું ધ્યાન કરીએ? | ૪:૧૯ |
| ૫૯ | શ્રીમદ્‌જીમાં આવે છે 'સત્પુરુષમાં પરમેશ્વર બુદ્ધિ થવાથી સર્વે પ્રાણીઓ પ્રત્યે દાસત્વ આવી જાય છે,' તેમાં શું કહેવા માંગે છે? | ૮:૩૫ |
| ૬૦ | અધમાધમ અધિકો પતિત હું....ઊગે ન આત્મ વિચાર. | ૩:૪૪ |



## DVD No - 4

| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૧ | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક | ૨:૫૪ |
| ૨ | જ્ઞાન અને કષાયનું ભેદજ્ઞાન કેવી રીતે થાય? | ૫:૫૫ |
| ૩ | તત્ત્વનો વિચારપૂર્વક કરેલ નિર્ણય કે મારું સુખ મારામાં છે. હું જ્ઞાયક છું પણ નિર્વિકલ્પ પ્રતીતિ ન આવે ત્યાં સુધી હજું એકત્વ બાકી છે તો પછી તે નિર્ણયને નિર્ણય કઈ રીતે કહેવાય? | ૨:૧૮ |
| ૪ | પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત ૧૫૬-૧૫૭ બોલમાં શો ફરક છે? (૧) એકલા વિકલ્પથીના તત્ત્વવિચાર કરવાથી કાંઈ સમ્યગ્દર્શન પમાતું નથી. (૨) તત્ત્વવિચારના અભ્યાસથી જીવને સમ્યગ્દર્શન થાય છે તે સિવાય બીજા કોઈ ઉપાયથી સમ્યગ્દર્શન થતું નથી. આ બે બોલમાં શું કહેવું છે? | ૪:૦૫ |
| ૫ | (પ્રશ્નનો સારાંશ) વિકલ્પાત્મક નિર્ણય કર્યો હોવા છતાં અનુભવ કેમ થતો નથી? તેમાં ક્યાં કચાશ રહી જાય છે? | ૩:૪૭ |
| ૬ | पूज्य गुरुदेवश्रीके प्रवचनमें आता है, 'ज्ञानीको रागका बंध नहीं होता है क्योंकि उनका उपयोग अंतरकी तरफ होता है। जब रामचंद्रजी लक्ष्मणको छह महिने तक लेकर घूमे थे, उस समय उनका उपयोग दोनों तरफ कैसे रहता होगा? | ૩:૪૪ |
| ૭ | રાગની પર્યાય જણાય છે અને સાક્ષાત્ વેદનમાં આવે છે અને જે જણાતો નથી તેને કેવી રીતે પ્રગટ કરીને જાણવું? | ૪:૧૩ |
| ૮ | (પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ નં. ૨૩૬) 'જેને જેની રુચિ હોય છે તે તેની વારંવાર ભાવના ભાવે છે અને ભાવનાને અનુસાર ભવન થાય છે. જેવી ભાવના તેવું જ ભવન તેનો શો અર્થ છે? | ૨:૩૯ |
| ૯ | આત્મા શ્રદ્ધા અપેક્ષાએ ત્રિકાળીને વિષય કરે અને જ્ઞાન વડે ત્રિકાળીને વિષય કરે તેમાં કાંઈ અંતર? | ૯:૫૬ |

| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૧૦ | દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આખા બ્રહ્માંડનું તત્ત્વ આવી જાય છે. આવી સૂક્ષ્મતાને યથાર્થ ખ્યાલમાં લેતા મોહ ક્યાં ઊભો રહે? | ૪:૨૮ |
| ૧૧ | કોઈ ઠેકાણે એમ આવે છે કે વિભાવ ઉપર-ઉપર તરે છે. તેનો શો અર્થ છે? | ૧:૪૪ |
| ૧૨ | દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયરૂપે પરિણમે છે....તેમાં બે દ્રવ્ય વચ્ચેની સ્વતંત્રતાની વાત આવી અને તેથી....તેમાં એકત્વબુદ્ધિ રહેતી નથી. પણ પર્યાયમાં જે રાગાદિ થાય છે તેમાં એકત્વપણું આ જાણવાથી કેવી રીતે ટળે? | ૧:૫૩ |
| ૧૩ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત(બોલ નં. ૨૫૪)માં આવે છે ‘‘સ્વભાવના લક્ષે સત્ય આવે અને અજ્ઞાનના લક્ષે અસત્ય આવે....’’ | ૮:૪૨ |
| ૧૪ | કોઈ જીવોને નિર્ણયની દૃઢતા હોય છે અને કોઈ જીવોને નિર્ણયની દૃઢતા હોતી નથી....તો દૃઢતા કેમ થાય? | ૨:૦૨ |
| ૧૫ | હું જ્ઞાયક છું એ ભાવમાં ‘હું’ અને ‘જ્ઞાયક’ બન્ને એક સાથે હોઈ શકે? | ૮:૦૮ |
| ૧૬ | ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરે વ્રત તપ કરે તો પણ તે સમ્યક્ત્વનો અધિકારી નથી પણ તત્ત્વવિચારના અભ્યાસથી.....તો કેવા પ્રકારનો તત્ત્વવિચારનો અભ્યાસ કરવો? | ૩:૩૧ |
| ૧૭ | પહેલાં જ્ઞાન જુદું પડતું ન હતું, રાગ ને જ્ઞાન બધું ભેળસેળપણે ખ્યાલમાં આવતું હતું. આપની કૃપાથી...સ્વ-પરપ્રકાશક એવું ત્રિકાળ આખું તત્ત્વ તે જ હું છું એમ દૃઢતા કરતા જઈએ છીએ....છતાં હું શરીર છું, રાગી છું એમ થઈ જાય છે તો શું કરવું? | ૨:૦૮ |
| ૧૮ | તત્ત્વ સમજવાના વિચારમાં જે (૧) શુભભાવ સહજ આવે છે (૨) શુભભાવની સામાયિક થઈ જાય. (૩) તો ચૈતન્યની જાગૃતિ લાવી નિર્ણય કરે તેની શી વાત! | ૫:૧૦ |
| ૧૯ | પરવસ્તુને હું કરી શકું છું એમ જેણે માન્યું છે તેને પોતાના ચૈતન્યની જાગૃતિ દબાઈ ગઈ માટે તે અપેક્ષાએ તે જડ છે. | ૨:૩૦ |
| ૨૦ | જિજ્ઞાસુને પણ ભક્તિનો ભાવ હોય છે? | ૫:૩૦ |



| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૨૧ | પુરુષાર્થમાં વેગ મળે એવો મંત્ર આપો જેથી અમે પાર ઊતરી જઈએ. | ૨:૪૦ |
| ૨૨ | ‘પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે’ પણ કોઈ જીવ...સમ્યગ્દર્શનને ધ્યેય રાખીને જ્ઞાયક આત્માનો આશ્રય કરવા માગે તો શું તેને શરૂઆત ન થાય? | ૨:૦૬ |
| ૨૩ | અધ્ધરથી આત્મા સંબંધી વિકલ્પો મુમુક્ષુદશામાં આવે તેનો શો અર્થ છે? | ૧૦:૨૫ |
| ૨૪ | ‘અમને આ ગુરુ સાચા મળ્યા ત્યાર પછી જિજ્ઞાસા જાગી છે’ તો બન્નેનો મેળ કેવી રીતે છે? | ૨:૨૨ |
| ૨૫ | આલોચના અધિકારમાં સમભાવ-સમતાભાવ આવે છે. સમતાભાવ એટલે શું? બધાને સરખા માનવા તે. | ૬:૫૧ |
| ૨૬ | ગુરુદેવશ્રીનાં વચનામૃતમાં આવે છે ‘‘પર્યાયદૃષ્ટિથી સંસાર છે અને દ્રવ્યદૃષ્ટિથી મોક્ષ અને વીતરાગતા છે’’ શું પર્યાયદૃષ્ટિમાં આટલી મોટી સજા? ચીભડાંના ચોરને ફાંસીની સજા? | ૧:૫૮ |
| ૨૭ | પર્યાયને પોતાની માને છે પર્યાય તો પોતાનો જ અંશ છે પછી એના માટે આટલી બધી સજા? | ૨:૧૧ |
| ૨૮ | દ્રવ્યદૃષ્ટિ કર્યા વિના પર્યાયનો આશ્રય છૂટે? | ૨:૧૮ |
| ૨૯ | જ્ઞાનીના બધા ભાવ જ્ઞાનમય અને અજ્ઞાનીના બધા ભાવ અજ્ઞાનમય એમ કેમ? | ૨:૧૭ |
| ૩૦ | ‘ૐ’નો અર્થ સમજાવશો? | ૬:૩૫ |
| ૩૧ | શ્રીમદ્‌જીના પુસ્તક પ્રકાશન વિષે વાતચીત | ૧:૫૯ |
| ૩૨ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ ૧૬૨ વિષે. | ૩:૩૧ |
| ૩૩ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃતમાં બ્ર. ચંદુભાઈ તથા મામાની (પં. હિંમતભાઈ) મહેનત અને માર્ગદર્શન આપનું. એમ લાગે આનું નામ | ૫:૧૧ |

| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| | શાસ્ત્ર કહેવાય. ટૂંકામાં પણ એકે-એક વસ્તુ આવી જાય છે. તીર્થંકરના દ્રવ્યની મહિમા વિષે..... | |
| ૩૪ | પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનો પ્રવાહ સારી રીતે બરાબર ચાલુ રહે તે માટે આપ કાંઈ માર્ગદર્શન આપશો. | ૬:૨૫ |
| ૩૫ | સમ્યગ્દર્શનથી જ બધી સિદ્ધિ! (દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધિ) | ૩:૦૩ |
| ૩૬ | સમ્યગ્દર્શન એટલે પોતાના સ્વરૂપનું દર્શન? | ૦:૨૮ |
| ૩૭ | પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત બોલ ૨૧૮માં આવે છે એકલા વિકલ્પથી તત્ત્વવિચાર કર્યા કરે તો તે સમ્યક્ત્વ પામતો નથી? | ૧૨:૨૬ |
| ૩૮ | નિયમસાર પ્રતિક્રમણ અધિકારમાં(ગાથા ૨૨માં આવે છે તેમ)....'આ ભેદના અભ્યાસથી'.... સમ્યગ્દર્શન પછી પણ ભેદજ્ઞાન હોય? | ૩:૧૧ |
| ૩૯ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ ૯૪માં આવે છે "શુદ્ધાત્માના અનુભવમાં મુખ્યપણે રાગ-દ્વેષના કર્તા કે ભોક્તા નથી–પણ સ્વભાવદૃષ્ટિમાં નિર્મળ પર્યાયને કરે છે...પોતાના જ્ઞાન અને આનંદનો કર્તા-ભોક્તા છે એમ શા માટે કહ્યું છે? | ૫:૧૭ |
| ૪૦ | શ્રીમદ્જીમાં આવે છે કે જ્યાંસુધી અસ્તિત્વ ભાસ્યું નથી, અસ્તિત્વ ભાસવાથી સમકિત થાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવને અસ્તિત્વ નજરાયા કરે છે. તેમ સમ્યક્સન્મુખ જીવને આવો કોઈ પ્રકાર ભજે ખરો? | ૧૪:૩૧ |
| ૪૧ | ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ નં. ૧૭૦માં આવે છે કે "કેવળ એક ગુણનું પરિણમન થતું નથી પણ દ્રવ્યનું પરિણમન થતાં અનંત ગુણોનું પરિણમન થાય છે." અમે તો એમ માનતા હતાં કે દ્રવ્યને ગુણની–ગુણને પર્યાયની અપેક્ષા નથી. તો કેવી રીતે છે તે સમજાવશો? | ૩:૧૦ |
| ૪૨ | બધા ગુણોથી જુદો દ્રવ્યસ્વભાવ કેવી રીતે ગ્રહણ કરવો? | ૧:૦૦ |
| ૪૩ | (પ્રશ્નનો સારાંશ) પર્યાયનો આશ્રય દ્રવ્ય છે એમ ન માનીને ને પર્યાયને સ્વતંત્ર માનવાથી શો દોષ આવે? | ૯:૩૭ |



| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૪૪ | (પ્રશ્નનો સારાંશ) પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ નં. ૨૧૩માં આવે છે કે આત્મા પોતાના ષટ્કારકરૂપે પરિણમે છે તથા પર્યાયના ભિન્ન ષટ્કારક છે એમ પણ આવે છે, તો તે કેવી રીતે છે? | ૫:૫૯ |
| ૪૫ | (પ્રશ્નનો સારાંશ) જ્ઞાનીને અવિદ્યા-રાગાદિ કાંઈ નુકશાન કરી શકતા નથી. એવું શ્રુતનું વચન છે. | ૩:૨૫ |
| ૪૬ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત(બોલ નં. ૨)માં "સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા! કેટલી વિશાળ દૃષ્ટિ!" એમ આવે છે, આમાં વિશાળ દૃષ્ટિમાં શું કહેવા માંગે છે? | ૬:૨૬ |
| ૪૭ | જ્ઞાયકને યથાર્થ ઓળખીને અથવા નિર્ણય કરી, સ્થિરતાનો પ્રયત્ન કરવો એમાં આપને શું કહેવું છે? | ૨:૦૭ |
| ૪૮ | 'હું અખંડ જ્ઞાયકમૂર્તિ છું' એવો સાચો નિર્ણય કરીને, બુદ્ધિપૂર્વક મનનું અવલંબન ન લેવું એમ આપનું કહેવું હતું? | ૩:૩૭ |
| ૪૯ | જ્ઞાયકનું ગ્રહણ કર્યું હોય તેની બાહ્ય પ્રવૃત્તિમાં કાંઈ ફરક દેખાય કે નહીં? | ૨:૦૭ |
| ૫૦ | આવો ઉપદેશ સાંભળી વૃત્તિમાં મજબૂતાઈ કેમ આવતી નથી? | ૨:૨૫ |
| ૫૧ | પોતાની ભૂમિકાને યોગ્ય થતા વિકારી ભાવોને જે છોડવા માંગે છે, તે પોતાની વર્તમાન ભૂમિકાને સમજી શકતો નથી. માટે તેનું જ્ઞાન મિથ્યા છે એમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃતમાં આવે છે તેનો શો અર્થ છે. | ૮:૨૫ |
| ૫૨ | શું જ્ઞાનીનો કોઈ પણ દોષ દેખાય તો તેના પ્રત્યેનો તે અવિનય ગણાય? | ૬:૫૩ |
| ૫૩ | પૂજ્ય ગુરુદેવશ્રીનો માર્ગ સારી રીતે ચાલુ રહે તે માટે શું કરવું? | ૫:૧૯ |
| ૫૪ | સત્સંગ-વૈરાગ્ય વગેરે સાધક કેવી રીતે? ને બાધક કેવી રીતે? | ૫:૧૭ |
| ૫૫ | જ્ઞાનીને શ્રદ્ધામાં વિકારનો નિષેધ છે, તેમ વિકલ્પમાં પણ નિષેધ આવે ખરો? | ૧:૪૮ |
| ૫૬ | વચનામૃતમાં આવે છે કે "સમ્યગ્દૃષ્ટિને રાગ હોય છે પણ તેનો રસ નીતરી ગયો છે" તેનો શો અર્થ? | ૧:૧૮ |

| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૫૭ | આત્મામાં સુખ ભર્યું છે તેનો નિર્ણય કરવાની રીત શી? | ૪:૦૧ |
| ૫૮ | જ્ઞાનનો સ્વભાવ અનંતો છે એ તો અનંતા જ્ઞેયો પરથી ખ્યાલમાં આવે છે.....પણ અનંતુ સુખ આત્મામાં છે તેનો નિર્ણય કેમ થાય? | ૩:૫૭ |
| ૫૯ | સમયસારની પ્રથમ ગાથામાં શ્રી ગુરુ ''અનંતા સિદ્ધોને પોતાના આત્મામાં તથા શ્રોતાના આત્મામાં સ્થાપના કરે છે'' તો શ્રોતાઓએ તેમાં શું કરવાનું? | ૨:૩૦ |
| ૬૦ | અંતરમાં મનોમંથન કરી વ્યવસ્થિત નિર્ણય કરવામાં શું શું આવશ્યકતા છે? | ૧:૪૩ |
| ૬૧ | (प्रश्नका सारांश) शुभचंद्राचार्य ज्ञानार्णवमें कहते है ''जहाँ अमृत तो विषके लिए हो तथा ज्ञान मोहके लिए हो और ध्यान नरकके लिए हो'' उसमें क्या भावार्थ है? | ૧૦:૨૦ |
| ૬૨ | (પ્રશ્નનો સારાંશ) પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃતમાં આવે છે 'આકુળતાનું વેદન છે તે અવગુણનું વેદન છે' ત્યાં ગુણની શક્તિનું પરિણમન ઘટ્યું છે કે વિપરીત થાય છે? | ૯:૦૪ |
| ૬૩ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃતમાં આવે છે ''શાસ્ત્ર તો ભાના કાગળ છે તેને ઊકેલતા શીખવું જોઈએ....'' | ૧૬:૦૪ |
| ૬૪ | આ જીવને પર્યાયની ઓળખ છે અને પોતાના સ્વભાવની ઓળખાણ નથી. તો શું પર્યાય દ્વારા સ્વભાવને ઓળખાય? કે સીધો ઓળખાય? તે વિસ્તારથી સમજાવશો. | ૪:૪૩ |
| ૬૫ | ઉપદેશમાં એમ આવે કે પોતાના નાના અવગુણને પણ પર્વત જેવા દેખવા અને બીજાના નાના ગુણને મોટા કરીને જોવા. તથા પર્યાયની પામરતાને ગૌણ કરી પોતાને પરમાત્મસ્વરૂપ જોવો. આવા બે કથનમાં શું તાત્પર્ય છે? | ૫:૫૪ |
| ૬૬ | પરમાગમસારમાં ''જ્ઞાનમાં વિભાવરૂપ પરિણમન નથી'' વિભાવ અને દોષમાં શો તફાવત છે? તે કૃપા કરી સમજાવો. | ૨:૨૨ |



| ટ્રેક નં. | પ્રશ્ન | સમય |
|---|---|---|
| ૬૭ | પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવતા કે 'જેનાથી લાભ માને તેને પોતાનું માન્યા વિના રહે નહીં.' | ૭:૧૮ |
| ૬૮ | ભક્તિ અને ભેદજ્ઞાનને મેળ છે? | ૩:૫૦ |
| ૬૯ | અજ્ઞાનીને પહેલાં ભેદરૂપ ખ્યાલ હોય કે આ વિકાર પાછળ જ્ઞાન છે તે હું છું પછી અભેદનું અસ્તિત્વ ગ્રહણ કરે? | ૨:૩૯ |
| ૭૦ | (જિજ્ઞાસુ દશામાં) અસ્તિત્વનું ભાવભાસન થાય કે વેદનમાં આવે? | ૯:૩૩ |
| ૭૧ | જિજ્ઞાસુ દશામાં પણ યથાર્થ નિર્ણય કરી શકે છે? | ૪:૪૭ |
| ૭૨ | સમ્યક્જ્ઞાન પ્રગટ કરવા માટે ભેદજ્ઞાનની વાત આવે છે તથા જ્ઞાયકની પ્રતીતિ કરવાની વાત આવે છે તે બન્ને એક વાત છે કે કેમ? તથા બન્નેનો મેળ કેવી રીતે છે? તે સમજાવશો. | ૧:૧૦ |
| ૭૩ | પાત્ર જીવના (શિષ્યના) મુખ્ય લક્ષણ સંબંધી માર્ગદર્શન આપશો? | ૩:૧૫ |
| ૭૪ | એક સમયની જ્ઞાનની પર્યાયને કોઈ વખત જ્ઞેય કહેવામાં આવે, કોઈવાર હેય કહેવામાં આવે છે, તથા કોઈવાર ઉપાદેય કહેવામાં આવે છે. આમ પર્યાયસંબંધી ઘણાં કથનો આવે છે. તેમાં કઈ વાત મુખ્ય કરવી? | ૫:૦૮ |
| ૭૫ | (પર્યાયનાં જ્ઞેય-હેય-ઉપાદેયનાં જવાબ વિષે) આ ખુલાસો બહુ સરસ છે. કોઈ દ્રવ્ય બાજુ ખેંચાઈ જાય કાં તો એકાંત પર્યાય બાજુ ખેંચાઈ જાય છે. | ૬:૬૭ |
| ૭૬ | પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રથમ દર્શન આપને સંપ્રદાયમાં ક્યારે થયેલાં? | ૯:૨૫ |
| ૭૭ | સમયસાર અને પ્રવચનસાર....પૂજ્ય ગુરુદેવશ્રી પાસેથી બહુ સાંભળ્યું, છતાં જ્યારે આપની પાસેથી બીજો પ્રકાર જાણવા મળે ત્યારે સંધિ થતી હોય તેમ લાગે છે. | ૧:૪૦ |

## આજ મંગળ મંદિર દ્વાર ખૂલ્યાં

આજ મંગળ મંદિર દ્વાર ખૂલ્યાં, મંગળ દ્વાર ખૂલ્યાં રે;
સ્વાનુભૂતિના સ્વાદ આજ ચાખ્યા, મંગળ દ્વાર ખૂલ્યાં રે.
હીરા-મોતી-રત્નથી વધાવું ભગવતી માત,
પરમ સુભાગ્યે પધારિયાં, આજ આનંદ અતિ ઊભરાય રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૧)
ઓગણીસ વર્ષે ઉલ્લસી, આત્મલગન દિનરાત,
વાત ગમે નહિ વિશ્વની, પ્રભુ પામ્યે જ હોય નિરાંત રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૨)
ભાળ્યા નિજ ભગવાનને, ચેતનઘન અવિકાર,
આનંદસાગર ઊછળ્યા, અહો ભવભ્રમણ નિસ્તાર રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૩)
જ્ઞાયકબાગ મહીં રમો, કરો ચિદામૃતપાન,
અપ્રતિહત સાધકદશા, ઝટ બોલાવે કેવળજ્ઞાન રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૪)
મતિ-શ્રુત ઉદધિ ઊછળ્યા, તુજ હૃદયે જગમાત,
સીમંધર-કુંદકુંદની તમે લાવ્યાં અલૌકિક વાત રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૫)
શીઘ્ર શીઘ્ર અવિકલ્પતા, ધ્રુવ ધામે ધરી નેહ;
સવિકલ્પે સંભારતાં—આ ભરત છે કે વિદેહ રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૬)



અનુભવભીની સ્પષ્ટ છે તલસ્પર્શી તુજ વાણ,
'વચનામૃત'ના પાનમાં ડોલ્યું આખુંય હિન્દુસ્તાન રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૭)
અમૃતમીઠી છાંયડી, તારી અતિ સુખકાર;
ધર્મરત્ન ગુણમૂર્તિ છો, છો ઉપશમરસ-અવતાર રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૮)
ઝાઝું શું કહું મા તને, દ્યો દાનેશ્વરી! દાન,
શિવપુર સાથે રાખજો—એ પૂરો અંતર અરમાન રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૯)

❁

## मंगलकारी 'तेज' दुलारी

(राग : निरखी निरखी मनहर मूरत)

**मंगलकारी 'तेज'दुलारी पावन मंगल मंगल है;**
**मंगल तव चरणोंसे मंडित अवनी आज सुमंगल है,**
**....मंगलकारी०**
**श्रावण दूज सुमंगल उत्तम, वीरपुरी अति मंगल है,**
**मंगल मातपिता, कुल मंगल, मंगल धाम रु आंगन है;**
**मंगल जन्ममहोत्सवका यह अवसर अनुपम मंगल है,**
**....मंगलकारी०**

मंगल शिशुलीला अति उज्ज्वल, मीठे बोल सुमंगल हैं,
शिशुवयका वैराग्य सुमंगल, आतम-मंथन मंगल है;
आतमलक्ष लगाकर पाया अनुभव श्रेष्ठ सुमंगल है,
....मंगलकारी०

सागर सम गंभीर मति-श्रुत ज्ञान सुनिर्मल मंगल है,
समवसरणमें कुंदप्रभुका दर्शन मनहर मंगल है;
सीमंधर-गणधर-जिनधुनिका स्मरण मधुरतम मंगल है,
....मंगलकारी०

शशि-शीतल मुद्रा अति मंगल, निर्मल नैन सुमंगल हैं,
आसन-गमनादिक कुछ भी हो, शांत सुधीर सुमंगल है;
प्रवचन मंगल, भक्ति सुमंगल, ध्यानदशा अति मंगल है,
....मंगलकारी०

दिनदिन वृद्धिमती निज परिणति वचनातीत सुमंगल है,
मंगलमूरति-मंगलपदमें मंगल-अर्थ सुवंदन है;
आशिष मंगल याचत बालक, मंगल अनुग्रहदृष्टि रहे,
तव गुणको आदर्श बनाकर हम सब मंगलमाल लहें.
....मंगलकारी०

❁

## 'પૂજ્ય બહેનશ્રીની અમૃતવાણી' (વિડિયો તત્ત્વચર્ચા) નીચે જણાવેલ પ્રસંગોએ થયેલ છે.

### ડીવીડી નં. ૧

**ટ્રેક નં. ૩ થી ૧૩**

અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ૯૫મા જન્મોત્સવ તથા ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૭૨મા જન્મોત્સવ પ્રસંગે (ઈ.સ. ૧૯૮૪)

**ટ્રેક નં. ૧૪ થી ૨૨**

અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ૯૬મા જન્મોત્સવ પ્રસંગે (ઈ.સ. ૧૯૮૫)

**ટ્રેક નં. ૨૩ થી ૪૧**

અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ૯૭મા જન્મોત્સવ પ્રસંગે (ઈ.સ. ૧૯૮૬)

**ટ્રેક નં. ૪૨ થી ૫૦**

ધન્યાવતાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૭૩મા જન્મોત્સવ પ્રસંગે (ઈ.સ. ૧૯૮૬)

**ટ્રેક નં. ૫૧ થી ૫૭**

અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ૯૮મા જન્મોત્સવ પ્રસંગે (ઈ.સ. ૧૯૮૭)

**ટ્રેક નં. ૫૮ થી ૬૪**

ધન્યાવતાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૭૪મા જન્મોત્સવ પ્રસંગે (ઈ.સ. ૧૯૮૭)

### ડીવીડી નં. ૨

**ટ્રેક નં. ૨ થી ૮**

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમ કૃપાળુ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ૯૯મા જન્મોત્સવ પ્રસંગે (ઈ.સ. ૧૯૮૮)

**ટ્રેક નં. ૯ થી ૧૭**

સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૫૫મા સમ્યક્‌ત્વજયંતી મહોત્સવ પ્રસંગે (ઈ.સ. ૧૯૮૭)

**ટ્રેક નં. ૧૮ થી ૩૧**

સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૫૬મા સમ્યક્‌ત્વજયંતી મહોત્સવ પ્રસંગે (ઈ.સ. ૧૯૮૮)

**ડીવીડી-૨, ટ્રેક નં. ૩૨ થી ૬૧ તથા ડીવીડી ૩-૪**

ઉત્સવ સિવાયના દિવસોમાં થયેલી તત્ત્વચર્ચા